નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર હેઠળની હંગામી જગ્યાઓને તા:૨૮/૦૨/૨૦૨૩ સુધી ચાલુ રાખવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-મકમ/૧૦૨૦૨૧/૬૧૫૮૨/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:૨૭/૦૬/૨૦૨૨

વંચાણે લીધા-

૧. આ વિભાગના તા:૦૧/૦૭/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક:-મકમ/૧૦૨૦૧૪/૧૧૮૪૫૯/જ

૨. આ વિભાગનો સરખા ક્રમાંકનો તા:૨૩/૦૮/૨૦૨૧નો ઠરાવ

૩. સામાન્ય વહીવટ વિભાગના તા:૦૩/૦૨/૨૦૧૪નો ઠરાવક્રમાંક:**RSK/102014/2300(21)/R.**

૪. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા:૨૦/૦૧/૨૦૨૨નો પત્ર ક્રમાંક: અજાક/મકમ/૪/૧૬૫/૨૦૨૨/ક.

પ્રસ્તાવના:-

વંચાણે લીધેલ ક્રમ-૦૧ પરના વિભાગના તા:૦૧/૦૭/૨૦૨૧ના ઠરાવથી ભરતી કેલેન્ડરમાં સમાવિષ્ટ કુલ-૭૨૫ અને ભરતી કેલેન્ડર સિવાયની કુલ-૧૪૬ હંગામી જગ્યાઓને તેમજ વંચાણે લીધેલ ક્રમ-૦૨ પરના વિભાગના તા:૨૩/૦૮/૨૦૨૧ના ઠરાવથી જિલ્લા પંચાયતની કુલ-૫૪ જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦૨૨ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ હતી.

વંચાણે લીધેલ ક્રમ-૦૩ પરના સામાન્ય વહીવટ વિભાગના તા:૦૩/૦૨/૨૦૧૪ના ઠરાવની જોગવાઇ મુજબ, રાજ્ય સરકારે ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર લાગુ પાડ્યુ ત્યારથી જ્યાં સુધી કેલેન્ડર જીવંત છે ત્યાં સુધી ભરતી કેલેન્ડરમાં સમાવિષ્ટ જગ્યાઓને એબેયન્સમાં મૂકવામાંથી કે રદ કરવામાં મુક્તિ આપવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમ-૦૪ પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરના તા:૨૦/૦૧/૨૦૨૨ના પત્રથી વિવિધ હંગામી જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦૨૩ સુધી ચાલુ રાખવા માટેની દરખાસ્ત કરેલ હતી, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરની ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડરમાં સમાયેલ નીચેના પત્રક-૧ના કોલમ નં.૦૫માં દર્શાવેલ કુલ-૭૩૩

હંગામી જગ્યાઓ તથા પત્રક-૨ (ભરતી કેલેન્ડર સિવાયની જગ્યા) અંતર્ગત કોલમ નં.૦૬ની કુલ ૧૨૬ ભરાયેલ જગ્યા (આઉટસોર્સથી ભરાયેલ ડ્રાઇવરની ૦૧ જગ્યા અને ચોકીદારની ૦૧ જગ્યા સિવાયની) તથા કોલમ નં-૦૮ની એક વર્ષથી ઓછાં સમય માટે ખાલી કુલ-૦૯ જગ્યા એમ કુલ-૧૩૫ હંગામી જગ્યાઓ તેમજ પત્રક-૩માં દર્શાવેલ જિલ્લા પંચાયતની કુલ-૫૪ જગ્યા (આઉટસોર્સથી ભરાયેલ પટાવાળાની ૦૧ જગ્યા સિવાયની) એમ કુલ=૭૩૩+૧૩૫+૫૪=૯૨૨ હંગામી જગ્યાઓને નીચે મુજબની શરતોને આધીન તા.૨૮/૦૨/૨૦૨૩ સુધી ચાલુ રાખવા આથી ઠરાવવામાં આવે છે.

## પત્રક-૧ કેલેન્ડરમાં સમાવેશ થયેલ સંવર્ગો

| ક્રમ | સંવર્ગનું નામ | સંખ્યાબળ | કાયમી | હંગામી |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧ | નાયબ નિયામક | ૩૮ | ૨૦ | ૧૮ |
| ૨ | સમાજ કલ્યાણ અધિકારી | ૪૯ | ૨૨ | ૨૭ |
| ૩ | આચાર્ય | ૨૮ | ૦ | ૨૮ |
| ૪ | મદદ.સમાજ કલ્યાણ અધિકારી | ૧૯૭ | ૧૦ | ૧૮૭ |
| ૫ | સમાજ કલ્યાણ નિરીક્ષક | ૨૬૧ | ૧૫૯ | ૧૦૨ |
| ૬ | સીનીયર કલાર્ક | ૧૧૩ | ૩૧ | ૮૨ |
| ૭ | જુનીયર કલાર્ક | ૨૩૭ | ૧૮૬ | ૫૧ |
| ૮ | મદદ.શિક્ષક (ઉ.મા) | ૧૧૭ | ૦ | ૧૧૭ |
| ૯ | મદદ.શિક્ષક (મા) | ૧૨૧ | ૦ | ૧૨૧ |
| | કુલ | ૧૧૬૧ | ૪૨૮ | ૭૩૩ |

## પત્રક-૨ ભરતી કેલેન્ડર સિવાયની જગ્યાની વિગત

| ક્રમ | સંવર્ગનું નામ | સંખ્યાબળ | કાયમી જગ્યા | હંગામી જગ્યા | | | હંગામી ખાલી જગ્યાઓ પૈકી | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | કુલ જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ૧ વર્ષથી નીચેની | ૧ થી ૩ વર્ષ સુધીની | ૩ વર્ષથી ઉપર ની |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) |
| ૧ | નિયામક | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | - | - | - |
| ૨ | સંયુકત નિયામક | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | - | - | - |
| ૩ | ગુજરાતી સ્ટેનો (ગ્રેડ-૧) | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | - | - | - |
| ૪ | ગુજરાતી સ્ટેનો | ૦૩ | ૦૦ | ૦૩ | ૦૨ | ૦૧ | - | ૦૧ | - |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | (ગ્રેડ-૨) | | | | | | | | |
| ૫ | મદદનીશ શિક્ષણ નિરીક્ષક (વર્ગ-૩) | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ | - | - |
| ૬ | સંશોધન મદદનીશ | ૦૩ | ૦૧ | ૦૨ | ૦૨ | ૦૦ | - | - | - |
| ૭ | આંકડા મદદનીશ | ૦૩ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૩ | - | - | ૦૩ |
| ૮ | શિવણ સંચાલિકા | ૦૫ | ૦૦ | ૦૫ | ૦૨ | ૦૩ | - | - | ૦૩ |
| ૯ | ડ્રાઇવર (વર્ગ-૩) | ૧૪ | ૦૦ | ૧૪ | ૦૨ | ૧૨ | ૦૫ | - | ૦૭ |
| ૧૦ | પટાવાળા(વર્ગ-૪) | ૪૭ | ૦૦ | ૪૭ | ૪૫ | ૦૨ | - | - | ૦૨ |
| ૧૧ | રસોયા (વર્ગ-૪) | ૨૧ | ૦૦ | ૨૧ | ૧૮ | ૦૩ | ૦૩ | - | - |
| ૧૨ | રસોડા કામદાર(વર્ગ-૪) | ૨૦ | ૦૦ | ૨૦ | ૧૮ | ૦૨ | - | - | ૦૨ |
| ૧૩ | ચોકીદાર (વર્ગ-૪) | ૧૮ | ૦૦ | ૧૮ | ૧૭ | ૦૧ | - | - | ૦૧ |
| ૧૪ | સફાઇ કામદાર(વર્ગ-૪) | ૧૪ | ૦૦ | ૧૪ | ૧૨ | ૦૨ | - | - | ૦૨ |
| ૧૫ | હમાલ (વર્ગ-૪) | ૦૭ | ૦૦ | ૦૭ | ૦૭ | ૦૦ | - | - | - |
| | કુલ | ૧૫૯ | ૦૧ | ૧૫૮ | ૧૨૮ | ૩૦ | ૦૯ | ૦૧ | ૨૦ |

## પત્રક-૩ જિલ્લા પંચાયતની જગ્યાઓની વિગત દર્શાવતુ પત્રક

| ક્રમ | સંવર્ગનું નામ | સંખ્યાબળ | કાયમી જગ્યા | હંગામી જગ્યા | | | હંગામી ખાલી જગ્યાઓ પૈકી | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | કુલ જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ૧ વર્ષથી નીચેની | ૧ થી ૩ વર્ષ સુધીની | ૩ વર્ષથી ઉપરની |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) |
| ૧ | સમાજ કલ્યાણ નિરીક્ષક | ૧૪ | ૦૦ | ૧૪ | ૧૪ | ૦૦ | - | - | - |
| ૨ | આંકડા મદદનીશ | ૦૭ | ૦૦ | ૦૭ | ૦૭ | ૦૦ | - | - | - |
| ૩ | સીનીયર કલાર્ક | ૦૮ | ૦૦ | ૦૮ | ૦૮ | ૦૦ | - | - | - |
| ૪ | કલાર્ક | ૦૮ | ૦૦ | ૦૮ | ૦૮ | ૦૦ | - | - | - |
| ૫ | ડ્રાઇવર | ૧૭ | ૦૦ | ૧૭ | ૧૭ | ૦૦ | - | - | - |
| ૬ | પટાવાળા | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | - | - | - |
| | કુલ | ૫૫ | ૦૦ | ૫૫ | ૫૫ | ૦૦ | - | - | - |

**શરતો:-**

(૧) પત્રક-૨ના કોલમ નં-૦૯માં દર્શાવેલ ગુજરાતી સ્ટેનો (ગ્રેડ-૨)ની ૦૧ જગ્યાને એબેયન્સમાં મુકવાની રહેશે. તેમજ આ જગ્યા ભરતા પહેલા નાંણા વિભાગની પૂર્વ મંજૂરીથી એબેયન્સ મુકત કરાવી લેવાની રહેશે.

(૨) પત્રક-૨ના કોલમ નં.-૧૦ની કુલ-૧૭ જગ્યાઓ (આંકડા મદદનીશની ૦૩ જગ્યા સિવાયની) ત્રણ વર્ષથી વધુ સમય માટે ખાલી હોવાથી રદ કરવાની રહેશે. તેમજ જરૂર જણાયે સામાન્ય વહીવટ વિભાગના તા:૦૧/૦૪/૨૦૧૦ના ઠરાવ અન્વયે આઉટસોર્સથી સેવાઓ મેળવવાની રહેશે.

(૩) પત્રક-૨માં દર્શાવેલ ભરતી કેલેન્ડર સિવાયની જગ્યાઓમાં ડ્રાઇવરની ૦૧ જગ્યા અને ચોકીદારની ૦૧ જગ્યા તેમજ પત્રક-૩માં દર્શાવેલ જિલ્લા પંચાયતની પટાવાળાની ૦૧ જગ્યા એમ કુલ-૦૩ જગ્યા વધુ ૧૧ માસ માટે આઉટસોર્સીંગથી સેવાઓ લેવાની મંજૂરી આપવામાં આવે છે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા:૧૫/૦૬/૨૦૨૨ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:-

1. માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૦૧, સચિવાલય, ગાંધીનગર.
2. અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
3. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
4. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
5. પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર.
6. નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
7. નાણાં સલાહકારશ્રી (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
8. સેકશન અધિકારીશ્રી (કોમ્પ્યુટર સેલ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.)
9. સિલેક્ટ ફાઈલ-૨૦૨૨.